Divya Bhaskar, Dt. 26-11-2023, Page-02

આગામી દોઢેક મહિનામાં 1 કિલોમીટરનો બ્રિજ તૈયાર થઈ જશે

# અલથાણ ગામથી ટેનામેન્ટ સુધીનો મેટ્રોનો 500 મીટર વાયડક્ટ તૈયાર

## મેટ્રો સેકેન્ડ લાઈનમાં ભેસાણથી સારોલીમાં સેગમેન્ટ લોન્ચિંગનું કામ શરૂ

ટ્રાન્સપોર્ટ રિપોર્ટર | સુરત



બોટનિકલ ગાર્ડ પાસે સેગમેન્ટ લોન્ચિંગનું કામ શરૂ કરાયું.

અલથાણમાં મેટ્રો ફર્સ્ટ લાઈનનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે. જ્યાં એલિવેટેડ વાયડક્ટ એટલે કે બ્રિજનું કામ ચાલી રહ્યું છે. ગત જાન્યુઆરીથી હાલ સુધી અલથાણ ગામથી અલથાણ ટેર્નામેન્ટ સુધીનો 500 મીટરનો બ્રિજ તૈયાર થઈ ગયો છે. આગામી દોઢેક મહિનામાં એક કિલોમીટરનો બ્રિજ તૈયાર થઈ જશે. મેટ્રો સેકેન્ડ લાઈનમાં 19.26 કિલોમીટરનો ભેસાણથી સારોલીમાં સેગમેન્ટ લોન્ચિંગનું કામ શરૂ કરાયું છે. મેટ્રો વિભાગ તરફથી જાણવા મળ્યું હતું કે, સેકેન્ડ લાઈનનું કામ બે અલગ-અલગ પેકેજમાં થઈ રહ્યું છે. જ્યાં ભેસાણથી મજુરાગેટ વચ્ચેનું 10.559 કિલોમીટરનું કામ ચાલી રહ્યું છે. જેમાં 2900 સેગમેન્ટનું લોન્ચિંગ કરાશે તેમજ મજુરાગેટથી સારોલીનું 9.702 કિલોમીટરનું કામ પણ ચાલી રહ્યું છે. ભેસાણથી મજુરાગેટમાં બોટનિકલ ગાર્ડન પાસે સેગમેન્ટ લોન્ચિંગનું કામ શરૂ થયું છે. મેટ્રો ફર્સ્ટ લાઈનમાં 18 કિમીનું કામ આગામી ડિસેમ્બર-2024માં અને સેકેન્ડ લાઈનનું કામ માર્ચ-2023 સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે.